**ક્રમાંક–૧૧**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**શુક્રવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૨૩**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **માનનીય અધ્યક્ષશ્રીને હોળીનું આયોજન કરવા બદલ અભિનંદન**

સભ્યશ્રી ભગાભાઇ બારડે અત્યાર સુધીના ઇતિહાસમાં પહેલી વખત વિધાનસભા ખાતે હોળીનું આયોજન કરવા બદલ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન પાઠવ્યા. સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પણ આ અંગે સૂર પૂરાવી માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ પણ ગુજરાતની પ્રજાની લાગણી અને પ્રેમ પ્રદર્શિત કરવા હોળી મહોત્સવનું આયોજન કરનાર યુવા ધારાસભ્યશ્રીઓને અભિનંદન પાઠવી, આ મહોત્સવમાં ભાગ લેનાર માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને તમામ સભ્યશ્રીઓનો આભાર માન્યો.

૨. **સરકારી વિધેયક**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૩–૨૪ના વર્ષના અંદાજપત્ર પરના ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે જે ૭ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને બે–બે મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૨) શ્રી દિનેશભાઇ ઠાકોર
(૩) ડો.સી.જે. ચાવડા
(૪) ડો. કિરીટકુમાર ચી. પટેલ
(૫) શ્રી અમૃતજી ઠાકોર
(૬) શ્રી હેમંતભાઇ આહિર
(૭) ગેનીબેન ઠાકોર

ચર્ચાનો જવાબ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ– ૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ–૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૩–૨૪ના અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાના ત્રીજા દિવસે ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) ડો.સી.જે. ચાવડા (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)
(૨) શ્રી બાબુભાઇ પટેલ
(૩) શ્રી રમેશભાઇ મિસ્ત્રી
(૪) શ્રી માનસિંહ ચૌહાણ
(૫) શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
(૬) શ્રી અલ્પેશકુમાર ઠાકોર
(૭) શ્રી ચૈતન્યભાઇ દેસાઇ
(૮) શ્રી અમૂલ ભટ્ટ
(૯) શ્રી અનિરુદ્ધભાઇ દવે
(૧૦) શ્રી ભગવાનભાઇ કરગટિયા
(૧૧) શ્રી વિનોદભાઇ મોરડિયા
(૧૨) શ્રી અરૂણસિંહ રણા

**વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૩) શ્રી અભેસિંહ તડવી
(૧૪) શ્રી બલરાજસિંહ ચૌહાણ
(૧૫) શ્રી જયદ્રથસિંહ પરમાર
(૧૬) ડો. કિરીટકુમાર ચી.પટેલ
(૧૭) ડો. હસમુખભાઇ પટેલ
(૧૮) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૧૯) શ્રી મુકેશભાઇ પટેલ
(૨૦) શ્રી કૌશિકભાઇ જૈન
(૨૧) શ્રી કિરીટકુમાર કે. પટેલ
(૨૨) શ્રી મનુભાઇ પટેલ
(૨૩) ડો. પ્રદ્યુમનભાઇ વાજા
(૨૪) શ્રી સુખાજી ઠાકોર
(૨૫) શ્રી કેશુભાઇ પટેલ
(૨૬) શ્રી ચૈતરભાઇ વસાવા
(૨૭) શ્રી કુંવરજીભાઇ બાવળિયા (જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી )

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩–૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨–૨૬ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીના અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **અધ્યક્ષશ્રીની સૂચના**

મીડિયા ઇવેન્ટ બનાવવા માટે સભાગૃહમાં કેટલાક સભ્યશ્રીઓ ખાવાની ચીજવસ્તુઓ લઇને આવ્યા અંગેની માહિતી મળતા, માનનીય અધ્યક્ષશ્રીએ તાત્કાલિક આવી વસ્તુ સભાગૃહ બહાર મૂકી આવવા અને જો આવું કામ કરશે તો તે વિધાનસભાના નિયમોના વિરુદ્ધનું ગણાશે અને તેઓની સામે કડક પગલાં લેવાની જાહેરાત કરી.

૨. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૧૦મી, માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૫, ૧૬ અને ૧૮ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્ન અગ્રતાક્રમ–૩, ૫, ૧૦, ૧૩, ૧૪ અને ૧૭ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૯થી ૧૦૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪–૩૦ કલાકે પૂરો થયો.

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીમાં સભ્યશ્રીઓએ હાજર રહેવા અંગે.**

તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછે છે તેના જવાબો તૈયાર કરવામાં સરકારી તંત્રનો ઉપયોગ થતો હોય ત્યારે સભ્યશ્રીઓ હાજર રહેતા ન હોવા અંગેનો સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, પ્રશ્નો તૈયાર કરવામાં ઘણી મહેનત અને ખર્ચ થતો હોય છે, તેથી પ્રશ્ન પૂછ્યા પછી સભાગૃહમાં હાજર રહેવું જોઇએ અને જે ધારાસભ્યો હાજર નથી તેમને વિધાનસભા સચિવશ્રી કક્ષાએથી આ અંગેની જાણ કરવામાં આવે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

૪. **માનનીય શિક્ષણમંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરનો પ્રસ્તાવ**

માનનીય શિક્ષણમંત્રી ડો.કુબેરભાઇ ડીંડોરે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે,

"આ સભાગૃહ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ–૨(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ–૧૦ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના બે સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૫. **માનનીય આદિજાતિ વિકાસ મંત્રી ડો.કુબેરભાઇ ડીંડોરનો પ્રસ્તાવ**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રી ડો.કુબેરભાઇ ડીંડોરે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે –

"આ સભાગૃહ, ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ના ફકરા–૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૧૯–૮–૧૯૬૦ના જાહેરનામા ક્રમાંકઃ ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે".

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૬. **માનનીય સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો પ્રસ્તાવ**

માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે –

" આ સભાગૃહ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬(૧)(૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૭. **માનનીય પંચાયત મંત્રીશ્રી બચુભાઇ ખાબડનો પ્રસ્તાવ**

માનનીય રાજ્ય કક્ષાના પંચાયત મંત્રીશ્રી બચુભાઇ ખાબડે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે–

"આ સભાગૃહ, સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ની પેટા કલમ–૧(ગ)ના ખંડ–(૬) મુજબ રાજ્ય પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૮. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**યુનિવર્સિટીની સેનેટ, કોર્ટ ઉપર તેમજ સમિતિઓની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના કાર્યક્રમ અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી કાન્સિલ ઉપર ત્રણ, પંચાયત કાઉન્સિલ ઉપર ત્રણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક એમ જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની તેમજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫–૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૯. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

સભાગૃહમાં રજૂ થયેલી સન ૨૦૨૩–૨૪ના અંદાજપત્રની સામાન્ય ચર્ચાના ચોથા અને છેલ્લા દિવસે નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગણપતસિંહ વસાવા
(૨) શ્રી પંકજ દેસાઇ
(૩) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા

૧૦. **સભ્યોને સસ્પેન્ડ કરવા બાબત**

આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશ મકવાણાને અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચામાં ભાગ લેવાની મંજૂરી આપી તે વખતે કોંગ્રેસના સભ્યશ્રી કાંતિભાઇ ખરાડીએ નિયમ–૧૧૬ની નોટિસની ચર્ચા

અંગેનો મુદ્દો ઉઠાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કર્યા બાદ જ તેના પર ચર્ચા કરી શકાય તેમ જણાવ્યું અને કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલ સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહીમાં અવરોધ પેદા ન કરવા વારંવાર વિનંતી કરી સભ્યશ્રીઓને તેમનું સ્થાન લેવા જણાવ્યું. પરંતુ માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરતા છતાં કોંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓએ પોતાની જગ્યા ઉપર ઉભા થઇને પ્લે–કાર્ડ દર્શાવવાનું અને સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને નિયમ–પર નીચે નેઇમ કર્યા.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નિયમ–પર હેઠળ નેઇમ કરાયેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત કરતાં, રાજ્ય કક્ષાના સંસદીય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ તેને સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

૧૧. **સાર્જન્ટ દ્વારા તપાસ અહેવાલ અંગે માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો માટે કોંગ્રેસ કાર્યાલયનો ઉપયોગ થયો હોય તો તે માટે તપાસ કરીને વિગતવાર તપાસ અહેવાલ આપવા સાર્જન્ટને આદેશ કર્યો.

૧૨. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી ઉમેશ મકવાણા

૧૩. **સભાગૃહનો વિરામનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની દરખાસ્ત મૂકતાં, સભાગૃહે સંમતિ આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહના વિરામનો સમય લંબાવ્યો.

૧૪. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)( ક્રમશઃ)**

ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

**(વિરામ સાંજના ૫.૫૭થી ૬.૩૦)**

૧૫. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) **માનનીય સભ્યશ્રી વિપુલકુમાર પટેલનો સંકલ્પ**

સભ્યશ્રી વિપુલકુમાર પટેલે ''બ્રિટીશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવેલ ડોક્યુમેન્ટરીમાં સને ૨૦૦૨માં સર્જાયેલ ગોધરાકાંડ અને ત્યારબાદ ગુજરાતમાં થયેલ કોમી રમખાણો સંદર્ભમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની છબી અને લોકપ્રિયતાને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવાના હીન પ્રયાસ અને રાજ્ય સરકારને દોષિત ઠેરવવાના દુષ્પ્રયાસ સામે કડક પગલાં લેવાં'' અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી મનીષા વકીલ
(૨) શ્રી અમિત ઠાકર
(૩) શ્રી ધવલસિંહ ઝાલા

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.( પ્રવચન અધૂરું)

૧૬. **સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે**

રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી પ્રસ્તાવનો જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીનો સંકલ્પ પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, અપક્ષ સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવ્યો.( સાંજના ૭–૩૦ કલાકે)

૧૭. **માનનીય સભ્યશ્રી વિપુલકુમાર પટેલનો સંકલ્પ (ક્રમશઃ)**

ત્યારબાદ ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પોતાનો અધૂરો રહેલ જવાબ પૂર્ણ કર્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

(૩) **માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાનો સંકલ્પ**

માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાએ "ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષને 'ઇન્ટરનેશનલ મિલેટ યર' જાહેર કરાતા, જાડા ધાન્યનો ઉપયોગ મનુષ્યને અનેક રોગો સામે રક્ષણ આપી નિરોગી જીવન બક્ષે છે, ત્યારે તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને નિરોગી રહે તે માટેનાં જરૂરી પગલાં લેવાં" પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૨) શ્રી વિજયભાઇ પટેલ
(૩) શ્રી રમેશ ટીલાળા

ચર્ચાનો જવાબ માનનીય કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**
**સભાગૃહ, શનિવાર તા ૧૧મી, માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે રાત્રિના ૮–૪૧ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૦મી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.